**<u>ફો.કે.નં. ૧૦૦૧૯૩/ ૨૦૧૫.</u>**

(૧) આ કામમાં શાહીબાગ પોલીસ સ્ટે. ધ્વારા આરોપીઓ વિરૂધ્ધ ધી જુગાર ધારાની કલમ ૧૨–અ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપીઓ અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીઓએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ આંક–૫ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીઓની જુગારધારા કલમ–૧૨–અ ના ગુના માટે આંક–૬ થી પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીઓને સાંભળતા આરોપીઓએ તેઓ ગરીબ વ્યકિતઓ છે અને તેઓનો આ પ્રથમવારનો ગુનો છે અને તેમના પર તેમના કુટુંબના તમામ સભ્યોની જવાબદારી છે, જેથી તેમને યોગ્ય દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીઓને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપીઓ વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

''**<u>હુકમ</u>**''

દરેક આરોપીને ધી જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબના ગુના માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી રૂા.૧૫૦/– (અંકેરૂપિયા એકસો પચાસ) પુરા દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને દિન–૪ (ચાર) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

આ કામે કબજે કરેલ તમામ મુદ્દામાલ નાણાં સરકાર ખાલસા કરવા અને બાકીના મુદ્દામાલનો અપીલ સમય પછી નાશ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૦/૦૨/૨૦૧૮
અમદાવાદ

**( બી. બી. પટેલ )**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે૦૦૨૯૨.